# પાછો આવી રહ્યો છે આપણો ગૌરવશાળી ઈતિહાસ...

પ્રાચીન ભારતની ગૌરવશાળી વિરાસત સમી અલભ્ય ઍન્ટિક–પ્રાચીન ચીજો ચોરાઈને પરદેશમાં મોંઘા ભાવે વેચાતી હોવાની વાત નવી નથી, પણ છેલ્લાં કેટલાંક વર્ષોમાં આ ચીજો ભારતમાં પરત લાવવામાં આપણા પુરાતત્ત્વ વિભાગને ઘણી સફળતા મળી છે. કઈ કઈ ચીજો આપણે પરત લાવી શક્યા છીએ? કેવી રીતે પરત લાવવામાં આવે છે આ ઍન્ટિક ચીજો?

**કેતન ત્રિવેદી** (અમદાવાદ)



**કેસ–૧:**

વર્ષ ૧૯૯૧ની વાત. ભારતીય પુરાતત્ત્વવિદો અને દક્ષિણ ભારતમાં તામિલનાડુના પાથુર ગામના લોકો ખુશ અને રોમાંચિત હતા.

*કારણ?*

અહીંના વિખ્યાત થીરુ વિશ્વનાથ મંદિરની ભગવાન નટરાજની મૂર્તિ. હા, છેક ઓગસ્ટ, ૧૯૮૨માં અહીંથી ચોરાયેલી. આ મૂર્તિ હવે એમને લંડનથી પરત મળવાની હતી.


લંડન હાઈ કોર્ટમાં તામિલનાડુ સરકાર અને *આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઈન્ડિયા*–એએસઆઈની લાંબી કાનૂની લડત પછી આ મૂર્તિ ભારતને પરત મળવાની હતી. ૧૦૦ સેન્ટિમીટર ઊંચી અને ૬૫ કિલોગ્રામ વજનની ભગવાન નટરાજની આ મૂર્તિ કેનેડાની આર્ટ ડીલર રોબર્ટ બોર્ડને કોઈ જુલેન શેરિયર નામની વ્યક્તિ પાસેથી ખરીદેલી અને એ છેવટે બ્રિટિશ મ્યુઝિયમમાંથી મળી આવેલી.

**કેસ–૨:**

દસમી–અગિયારમી શતાબ્દીની મા દુર્ગા મહિષાસુરમર્દિનીની અલભ્ય મૂર્તિ જમ્મુ–કશ્મીરના પુલવામા જિલ્લામાંથી ૧૯૯૧માં ચોરાઈ ગયેલી. થોડાં વર્ષ પછી પુરાતત્ત્વ વિભાગને ખબર પડી કે એ મૂર્તિ તો જર્મનીના

પ્રખ્યાત *લિન્ડન મ્યુઝિયમ*માં છે એટલે ભારતીય અધિકારીઓની ટીમ એ પરત લેવા જર્મની ગઈ, પણ મ્યુઝિયમના સંચાલકોએ એ સુપરત કરવાનો ઈનકાર કરી દીધો, કારણ કે મ્યુઝિયમે તો એ મૂર્તિ મોટી કિંમત આપીને ખરીદેલી. છેવટે આપણા પુરાતત્ત્વ વિભાગે પરત આવીને કશ્મીરમાંથી એ મૂર્તિ ચોરી થઈ હતી એ મતલબની જૂની પોલીસફરિયાદ અને સંબંધિત પુરાવા રજૂ કર્યા એ પછી લાંબી પ્રક્રિયાના અંતે એ મૂર્તિ છેક સપ્ટેમ્બર, ૨૦૧૫માં ભારતને પાછી આપવામાં આવી.

આવાં તો સંખ્યાબંધ ઉદાહરણ છે, જેમાં ચોરાઈ ગયેલી કોઈ એક મૂર્તિ કે પ્રાચીન ચીજવસ્તુ પરત લાવવા માટે *એએસઆઈ*એ આકાશ-પાતાળ એક કર્યાં હોય. ઘણાને કદાચ નવાઈ લાગશે કે શા માટે *એએસઆઈ* એટલે કે ભારત સરકાર આવી ચીજો પાછી



મેળવવા આટલી બધી મહેનત કરે છે? એવું તે શું છે આ ચીજવસ્તુમાં?

એનો જવાબ એ છે કે એ ફક્ત ધાતુમાંથી બનેલી દેવી-દેવતાની સામાન્ય મૂર્તિઓ નથી. એ કરોડો ભારતીયોની આસ્થાનું પ્રતીક હોવા ઉપરાંત પ્રાચીન ભારતના સમૃદ્ધ વારસાનાં અણમોલ પ્રતીકો છે. એ પ્રાચીન ભારતના ગૌરવશાળી ઈતિહાસ અને વારસાની સાખ પૂરતા જીવંત દસ્તાવેજો પણ છે. એમાં ફક્ત ધાતુની મૂર્તિઓ જ નહીં, પ્રાચીન સમયના ચલણી સિક્કા, પેન્ટિંગ્સ, ભીંતચિત્રો કે ગુફાઓની દીવાલો પરનાં લખાણ, પ્રાચીન સમયના દસ્તાવેજો અને હસ્તપ્રતો સહિત ઘણી ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે.

એ પણ જાણી લો કે રવીન્દ્રનાથ ટાગોર, અમ્રિતા શેરગીલ, નંદલાલ બોઝ, રાજા રવિ વર્માનાં ચિત્રો ને અન્ય કળાકૃતિઓ અને હૈદરાબાદના નિઝામની ૧૯ જ્વેલરી આઈટમનો પણ આ *ખજાના*માં સમાવેશ થાય છે.

– અને તમને જાણીને આનંદ પણ થશે કે ૧૯૭૨ના *ઍન્ટિક્વિટીઝ ઍન્ડ આર્ટ ટ્રેઝર ઍક્ટ* અંતર્ગત ૧૯૭૬માં પહેલવહેલી મૂર્તિ પરત લાવ્યા પછી આજ સુધીમાં લગભગ ૪૫ જેટલી દુર્લભ ગણાતી ઍન્ટિક ચીજો ભારત પાછી લાવવામાં સરકારને સફળતા મળી છે. એમાંય ૧૯૭૬થી ૨૦૧૪ સુધી તો ફક્ત ૧૧ ચીજ આવી, પણ ૨૦૧૪ પછી નરેન્દ્ર મોદી સરકારના સમયગાળામાં પુરાતત્ત્વ વિભાગે આ દિશામાં ખાસ્સીએવી કામગીરી કરીને ૩૪ આર્ટ-ફૅક્ટ્સ લાવવામાં સફળતા મેળવી છે. આપણે ત્યાં પુરાતત્ત્વ વિભાગની કામગીરીથી લોકો બહુ વાકેફ નથી, પણ વર્ષ ૨૦૧૭માં ગાંધીનગરસ્થિત *ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી* ખાતે *વિશ્વવારસા દિવસ*ની ઉજવણીમાં આ અંગે વર્કશૉપ-કમ-પ્રદર્શનનું આયોજન થયું એટલે બધાનું ધ્યાન ખેંચાયું.

યુનિવર્સિટીમાં લિગલ હિસ્ટરી ભણાવતાં

**પાછલાં વર્ષોમાં પાછી મેળવાયેલી અનેક દુર્લભ મૂર્તિ નવી દિલ્હીના પુરાના કિલ્લામાં સાચવવામાં આવી છે.**

અને આ વર્કશૉપનું આયોજન કરનારાં પ્રોફેસર રિચા મૂલચંદાની *ચિત્રલેખા*ને કહે છે કે પ્રાચીન આર્ટ-ફૅક્ટ્સની ચોરી થયા પછી એ વિદેશમાં ક્યાંકથી મળી આવી હોય એવાં ઘણાં ઉદાહરણ છે, પણ આ ચીજો પરત લાવવાનું કામ આપણે ધારીએ એટલું આસાન નથી. આવા સાંસ્કૃતિક વારસાને લગતા કાયદા (હેરિટેજ લૉ)થી માંડીને અનેક આંતરરાષ્ટ્રીય સમજૂતી-કરારોની કાયદાકીય પ્રક્રિયામાંથી પસાર થયા પછી એ આપણને પરત મળે. અમારો હેતુ હતો કે લોકો આ કામગીરી વિશે જાણે અને આપણા આ અમૂલ્ય વારસા પરત્વે વધારે સભાન ને સજાગ બને.

પ્રોફેસર રિચા લિગલ હિસ્ટરીનાં નિષ્ણાત છે અને જપાનની *ઓસાકા યુનિવર્સિટી*માં પણ આ વિષય ભણાવે છે. હેરિટેજ લૉ અંગે વધારે જાગૃતિ આવે એ માટે એ *ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી*માં કોર્સ પણ શરૂ કરી રહ્યાં છે.

*આવી કઈ કઈ દુર્લભ ચીજો આપણને પરત લાવવામાં સફળતા મળી છે?*

વેલ, સૌપ્રથમ ભારતમાં પરત લાવવામાં આવી હોય એવી ઍન્ટિક ચીજ હતી ભગવાન બુદ્ધની મૂર્તિ. બિહારના નાલંદાસ્થિત બુદ્ધના સ્કલ્પચર્સમાંથી એક સમયે નવ મૂર્તિ ચોરાઈ ગઈ હતી. એમાંથી બે મૂર્તિનાં કપાયેલાં મસ્તક પછીથી લંડન અને ફ્રાન્સના મ્યુઝિયમમાં મળી આવેલાં. વાટાઘાટો પછી મ્યુઝિયમના સંચાલકોએ સામે ચાલીને જ આપણને એ પાછાં આપ્યાં હતાં.

મધ્ય પ્રદેશના ખજૂરાહોમાંથી ચોરાયેલી દસમી-અગિયારમી સદીની *પેરોટ લેડી*ની અત્યંત કળાત્મક મૂર્તિ વર્ષો પછી કેનેડાના એડમન્ટનમાંથી મળી આવેલી. *એએસઆઈ*ના નિષ્ણાતોએ પણ સાબિત કર્યું કે *આ એ જ ચોરાયેલી મૂર્તિ છે.* એ પછી ૧૯૭૦ના *યુનેસ્કો* કન્વેન્શનમાં થયેલી સમજૂતી હેઠળ એપ્રિલ, ૨૦૧૫માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત વખતે એમને એ પાછી આપવામાં આવી. એ રીતે ઑસ્ટ્રેલિયાની *ન્યુ સાઉથ વેલ્સ આર્ટ ગૅલરી*માંથી ચોલાવંશ વખતનું અર્ધનારીશ્વરનું મનમોહક સ્ટૅચ્યૂ મળી

આવ્યું. વર્ષો પહેલાં તામિલનાડુમાંથી ગેરકાયદે પરદેશ મોકલી દેવામાં આવેલી આ મૂર્તિને સપ્ટેમ્બર, ૨૦૧૪માં ઑસ્ટ્રેલિયન વડા પ્રધાન ટોની એબોટે સ્વહસ્તે નરેન્દ્ર મોદીને સોંપી. યોગિની વૃશન્ના, નટરાજ, ઉમા મહેશ્વરી, ગણેશ, ભગવાન બુદ્ધ સહિત આવી અનેક કળાત્મક મૂર્તિઓ અને પેન્ટિંગ્સ આ રીતે બારોબાર વિદેશનાં કોઈ મ્યુઝિયમ કે આર્ટ ગૅલરીમાંથી મળી આવ્યાં છે અને પુરાતત્ત્વ વિભાગની મહેનતથી પરત આવી શક્યાં છે.

ગુજરાતની વિખ્યાત *રાણી કી વાવ*માંથી નવેમ્બર, ૨૦૦૧માં બ્રહ્મા-બ્રહ્માણિકાની મૂર્તિ ચોરાયેલી. આમ તો આવી મૂર્તિ ચોરાય તોય કદાચ તરત કોઈનું ધ્યાન ન જાય, પણ *રાણી કી વાવ* પર અદ્‌ભુત સંશોધનકામ કરનારા વિદ્વાન ડૉ. કિરીટ મંકોડીના ધ્યાને આ વાત આવ્યા પછી આર્કિયોલૉજી વિભાગે આ દિશામાં કામગીરી કરી અને ડિસેમ્બર, ૨૦૧૭માં એ બ્રિટનથી પરત લાવવામાં આવી.

નવી દિલ્હીસ્થિત *આર્કિયોલૉજી સર્વે ઑફ ઈન્ડિયા*માં આ વિભાગ સંભાળતાં આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટ અર્ચના અસ્થાના *ચિત્રલેખા*ને કહે છે કે બ્રિટિશ શાસનકાળમાં આપણી આવી ઘણી દુર્લભ ચીજો બ્રિટન અને બીજા દેશોમાં જતી રહી. આઝાદી પછી અત્યારે જે *ઍન્ટિક્વિટીઝ ઍન્ડ આર્ટ ટ્રેઝર ઍક્ટ* છે એ તો છેક ૧૯૭૬માં અમલી બન્યો અને આ કાયદો પણ ભારતીય કાયદો છે, આંતરરાષ્ટ્રીય નથી એટલે આઝાદી પહેલાં ચોરાયેલી ચીજો પરત લાવવાનું થોડું વધુ કડાકૂટભરેલું બની જાય. હા, આ ઍક્ટ અમલમાં આવ્યા પછી આપણે શક્ય એટલી ચીજો પરત લાવવાનો પ્રયત્ન કરીએ છીએ.

વળી, આ ચીજો પરત લાવવાનું કામ પણ અઘરું છે. પહેલી વાત તો એ કે ચોરાયેલી મૂર્તિ કે સિક્કા કે પેન્ટિંગ્સ વિશ્વમાં કયા મ્યુઝિયમમાં કે કયા આર્ટ કલેક્ટર પાસે છે એ જાણવાનું પુરાતત્ત્વ વિભાગ માટે મુશ્કેલ છે. એ તો આ ક્ષેત્રના કોઈ જાણકાર કે શુભેચ્છક માહિતી આપે ત્યારે જ ખબર પડે. એ પછી સંબંધિત દેશમાં આવેલી ભારતીય ઍમ્બેસી મારફત આગળ વધવું પડે. એ ચીજ હકીકતમાં ઍન્ટિક છે, ભારતની જ છે અને ચોરાયેલી છે એ પણ દસ્તાવેજોના આધારે સાબિત કરવું પડે. એ ચીજ ચોરાયાની પોલીસફરિયાદ અને અન્ય દસ્તાવેજો રજૂ કરવા પડે.

અર્ચનાજી કહે છે કે આંતરરાષ્ટ્રીય આર્ટ બજારમાં, ખાસ કરીને ઍન્ટિક ચીજોમાં ફેક ચીજો પણ ફરતી હોય છે. નવી જ ચીજોને પ્રાચીન બતાવીને મોંઘા ભાવે વેચનારાઓનું બજાર પણ મોટું છે એટલે પહેલાં તો અમારા વિભાગના નિષ્ણાતો એની ચકાસણી કરે છે કે એ હકીકતમાં પ્રાચીન છે કે નહીં. એ પછી જ પરત મેળવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવે.

*જો કે તમને થશે કે વારંવાર આ અમૂલ્ય કળાકૃતિઓ કેમ ચોરાઈ જાય છે?*

મૂળ ભારતીય અને ન્યુ યોર્કમાં આર્ટ ગૅલરી ચલાવતા સુભાષ કપૂર આ બજારમાં દાણચોરી માટે કુખ્યાત છે. દક્ષિણ એશિયાઈ દેશોની આવી કીમતી ચીજોને મોંઘા ભાવે આંતરરાષ્ટ્રીય બજારમાં વેચવાનું કારસ્તાન એ ચલાવતો. ઑક્ટોબર, ૨૦૧૧માં ફ્રેન્કફર્ટ ઍરપોર્ટ પરથી એની ધરપકડ થયા પછી એને ૨૦૧૨માં ભારત લાવવામાં આવ્યો હતો અને હાલ એ જેલની હવા ખાય છે.

પુરાતત્ત્વ વિભાગના નિવૃત્ત સુપરિન્ટેન્ડેન્ટ અને આ ક્ષેત્રનાં નિષ્ણાત દિલ્હીસ્થિત સુનંદા શ્રીવાસ્તવ *ચિત્રલેખા* સાથેની વાતચીતમાં કહે છે કે આપણા કાયદામાં આ પ્રકારની ઍન્ટિક ચીજોની નિકાસ પર પ્રતિબંધ છે. આ ચીજો ફક્ત પ્રદર્શનના હેતુ માટે જ પરદેશ લઈ જઈ



**અર્ચના અસ્થાના**



**સુનંદા શ્રીવાસ્તવ**



**પ્રો. રિયા મૂલચંદાની**

*સામાન્ય લોકોને આપણા આ વારસાનું મૂલ્ય સમજાવવાની જરૂર છે.*

એનો જવાબ છે પરદેશની આર્ટ બજારમાં એની કિંમત. ભારતીય સંસ્કૃતિની ઉદ્દ્‌ઘોષક સમી આ કળાકૃતિઓનું આપણને કદાચ મૂલ્ય નથી, પણ પરદેશી કળા બજારમાં એની ખૂબ જ માગ છે. વૉશિંગ્ટનસ્થિત સંસ્થા *ગ્લોબલ ફાઈનાન્સિયલ ઈન્ટિગ્રિટી*ના રિપોર્ટ પ્રમાણે પ્રાચીન કળાકૃતિઓની તસ્કરીનો બિઝનેસ વિશ્વનો સૌથી નફાકારક અપરાધી બિઝનેસ ગણાય છે. એક અંદાજ પ્રમાણે આંતરરાષ્ટ્રીય આર્ટ બજાર એ પચાસ અબજ અમેરિકન ડૉલરનું માર્કેટ છે અને એમાં મોટા ભાગના વ્યવહારો બિનહિસાબી કે બેનંબરી હોય છે.

ભારતીય પ્રાચીન ચીજો પણ આ બજારમાં મોંઘા દામે વેચાય-ખરીદાય છે. આમાં પણ શકાય છે. વળી, આપણાં જૂનાં સ્થાપત્યો અને મંદિરો અંતરિયાળ વિસ્તારોમાં હોય છે અને ત્યાંથી કોઈ મૂર્તિ કે ઍન્ટિક ચીજ ચોરાય તો લોકોને બહુ ઝડપથી ખયાલ પણ આવતો નથી. જો આ સાઈટની જાળવણી પુરાતત્ત્વ વિભાગ પાસે ન હોય તો આ ક્ષેત્રના જાણકારો ધ્યાન દોરે પછી જ ખબર પડે. આ કારણથી દાણચોરો માટે આવી ચીજો તફડાવવાનું આસાન બની જાય છે.

૨૦૧૫માં અમેરિકાના *હોમલૅન્ડ સિક્યોરિટી* વિભાગે ઈન્વેસ્ટિગેશન કરીને રૂપિયા ૬૫૦ કરોડની ચીજો જપ્ત કરી હતી. આ તપાસમાં મળી આવેલી ૨૬૦૦ જેટલી ચીજો સુભાષ કપૂરે જ સ્મગલ કરીને વેચી હોવાનું



**'ઘરવાપસી': કેનેડાના વડા પ્રધાને નરેન્દ્ર મોદીને પેરોટ લેડીની મૂર્તિ પરત આપી.**

બહાર આવ્યું હતું. પૂરતી તપાસ પછી આ ચીજો ભારતની જ છે એવું પુરવાર થાય તો અમેરિકા એ આપણને સોંપી દેવા પણ તૈયાર છે. અગાઉ ૨૦૧૬માં અમેરિકાએ ભગવાન નટરાજની મૂર્તિ સહિત આઠ ચીજ આપણને પાછી આપેલી છે.

ક્યારેક વળી કોઈ કળા સંગ્રાહક પાસે આવી ઍન્ટિક ચીજ આવી જાય અને એને ખબર પડે કે આ તો ચોરાયેલી છે તો એ સામેથી પાછી આપી દે. નિવૃત્ત સુપરિન્ટેન્ડેન્ટ સુનંદા શ્રીવાસ્તવ અમેરિકાનાં અલ્ડ્રોફ દંપતીનું ઉદાહરણ આપે છે. થયું એવું કે શિકાગોમાં એક પ્રદર્શનમાં ઉત્તરાખંડના જાગેશ્વર મંદિરમાંથી ચોરાયેલા ભગવાન લકુલિશની મૂર્તિનો સમાવેશ થતો હતો. અલ્ડ્રોફ યુગલને ખબર પડી કે આ મૂર્તિ તો ચોરાયેલી છે ત્યારે એમણે સામે ચાલીને એ ભારતને પરત આપી દીધી હતી. અમુક મ્યુઝિયમ પણ પોતાની પ્રતિષ્ઠા જાળવવા આવી ચોરાયેલી ચીજો રાખવાના બદલે પરત આપી દેવાનું પસંદ કરે છે.

હા, ક્યારેક કોઈ ચીજ ખાનગી વ્યક્તિ પાસે હોય તો એ પરત મેળવવામાં મુશ્કેલી પડે, કારણ કે વિદેશી નાગરિકોને આપણે સીધી રીતે દબાણ ન કરી શકીએ. એમણે પણ છેવટે મોંઘા દામ ચૂકવીને આ કળાકૃતિ ખરીદી હોય છે. એ ધારે તો એનું વળતર પણ માગી શકે છે, પરંતુ સુનંદા શ્રીવાસ્તવ કહે છે એમ, આપણે ક્યારેય પાછી લાવવામાં આવેલી ચીજો માટે વળતર આપવું પડ્યું હોય એવું બન્યું નથી.

અલબત્ત, આપણા માટે તો આ બધી જ ચીજો વળતર કે કિંમતથી પર છે. અણમોલ અને અમૂલ્ય છે. તકલીફ ફક્ત એ જ છે કે પ્રાચીન વિરાસતની આ ચીજો વિદેશ જતી રહેવાની વાત આવે ત્યારે આપણી વાત *કોહીનૂર* હીરા કે ટીપુ સુલતાનની તલવારથી આગળ જ વધતી નથી. આ બન્ને ચીજ કીમતી છે જ, પણ છેક ૧૯૦૫માં મૈસૂરના મંદિરમાંથી તોડીને પરદેશ મોકલી દેવામાં આવેલા એના કીમતી સ્તંભ પણ ઓછા મહત્ત્વના તો નથી જ.

હકીકત એ છે કે આપણે આપણા વારસા પરત્વે જ પૂરતા સભાન નથી કે નથી આપણને એનું સાચું ગૌરવ. પુરાતત્ત્વ વિભાગ દ્વારા સુરક્ષિત હોય એવાં સ્થાપત્યોની હાલત પણ ખંડિયેર જેવી હોય તો જે સુરક્ષિત નથી એવાં પ્રાચીન મંદિરોની તો કોણ દરકાર કરે? સારી વાત એ છે કે નરેન્દ્ર મોદીની સરકારે આ બાબતને પ્રાધાન્ય આપ્યું છે. આર્કિયોલૉજી વિભાગનાં અર્ચના અસ્થાના યોગ્ય રીતે જ કહે છે એમ, સરકારની વિદેશનીતિ પણ આ બાબતમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, કારણ કે છેવટે તો બે દેશની સરકાર વચ્ચે કેવા સંબંધો છે એના પર જ બધો આધાર છે.

વળી, રાજદ્વારી સંબંધોમાં ક્યારેક એનો આડકતરો ફાયદો પણ મળી જતો હોય છે. નરેન્દ્ર મોદી સરકારની વિદેશનીતિની અસરનાં ઉદાહરણ એમાંથી મળે છે કે કેનેડા અને ઑસ્ટ્રેલિયાની સરકારે પોતાના દેશમાંથી મળી આવેલી આવી ચીજો ખુદ વડા પ્રધાનને જ પરત કરી છે. એક વખત તો પુરાતત્ત્વ વિભાગ સિંગાપોરમાંથી મળી આવેલી એક કળાકૃતિ પરત મેળવવા બે વર્ષથી મહેનત કરતો હતો. એ જ દિવસોમાં આપણા વડા પ્રધાનની સિંગાપોરની મુલાકાત નક્કી થઈ અને એનો એજન્ડા તૈયાર થઈને વિદેશ મંત્રાલય પાસે આવ્યો. એજન્ડામાં એવી વાત હતી કે આ પ્રાચીન ચીજ સિંગાપોરે ભારતને પાછી આપી દીધી છે, પણ હકીકતમાં એ હજી પરત આપી નહોતી. હવે આ માટે કાંઈ વડા પ્રધાન કક્ષાની મીટિંગનો એજન્ડા તો બદલાય નહીં એટલે વિદેશ મંત્રાલયના સ્ટાફે રાતોરાત ચક્કર ચલાવ્યું અને એ ચીજ ભારતીય પુરાતત્ત્વ વિભાગને આ મુલાકાત પહેલાં જ મળી ગઈ!

વિદેશનીતિની આ *મોદી ઈફેક્ટ* ઉપરાંત બીજું એક કારણ એ પણ છે કે વિશ્વના આર્ટ બજારમાં હવે ગેરકાયદે વેચાતી આવી કળાકૃતિ પરત્વે થોડીક જાગૃતિ આવી છે, ખાસ કરીને સુભાષ કપૂરની ધરપકડ પછી આંતરરાષ્ટ્રીય માર્કેટમાં પણ ઘણી જાગૃતિ આવી છે. પ્રતિષ્ઠિત મ્યુઝિયમ અને આર્ટ ડીલર્સ પણ હવે ઍન્ટિક ચીજ ખરીદતાં કે વેચતાં પહેલાં એ ચોરાયેલી તો નથીને એ બાબતની કાળજી લે છે. આ કારણથી મ્યુઝિયમ સંચાલકો પણ આવી ચીજો પરત કરવામાં બહુ અચકાતા નથી.

એક વાર આ કળાકૃતિ ભારતમાં પાછી આવી જાય એ પછી એને શક્ય હોય ત્યાં સુધી એના મૂળ સ્થાને મોકલી દેવામાં આવે છે, પણ ઘણી વાર આ ચીજોની જાળવણીના પ્રશ્નો પણ આવે છે. આ મુશ્કેલી નિવારવા હવે અર્ચના અસ્થાના કહે છે એમ, દિલ્હીમાં *પુરાના કિલ્લા* ખાતે વિશેષ ગૅલરી બનાવીને આ ચીજો ત્યાં પ્રદર્શિત કરવામાં આવી છે. એમાં ગુજરાતની *રાણી કી વાવ*માંથી ચોરાયેલી બ્રહ્મા-બ્રહ્માણિકાની મૂર્તિનો પણ સમાવેશ થાય છે.

વેલ, જ્યાં સચવાય ત્યાં, પણ એ આપણે ત્યાં જ સચવાય અને એની યોગ્ય જાળવણી થાય એ વધારે મહત્ત્વનું છે. એ ફક્ત રંગ કે ધાતુમાંથી બનેલી નિર્જીવ ચીજ નથી, બલકે આપણો જીવંત અને ગૌરવશાળી વારસો છે.

યાદ રહે, આ ઐતિહાસિક વારસો એ આપણી ઓળખ છે અને આ ઓળખ જ આપણને ઈતિહાસમાં જીવવાની અને ભવિષ્યને ઘડવાની ક્ષણ આપતી રહે છે.

◆ તસવીરો: **એચ.સી. તિવારી**

feedback2ketan.t@chitralekha.com